શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૪૮ • તા.૧૧ માર્ચ થી ૧૭ માર્ચ ૨૦૨૩

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




KDO SANJIVANI

# સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજનાની પારદર્શકતા પદ્ધતિને લીધે અરજદારોને તાત્કાલિક સહાય મળી રહે છે




insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

-: કાર્યાલય :-

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

જ્ઞાતિમૈયા હવે નેટ પર....

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# સુખી જીવનની ચાવીઓ

દોસ્ત કે દુશ્મન બનાવવા આપણા હાથની વાત છે. આપણા પોઝિટીવ વિચાર, સરળ વ્યવહાર અને આત્મીયતા ભર્યું વર્તન સરળ અને નિખાલસ જીવનનો રાજમાર્ગ બનાવે છે. જે લોકોને આપણા દોસ્ત બનાવે છે અને અકડ વર્તન નિરકુંશ વાણી અને તોછડાઈ ભર્યો વ્યવહાર આચાર ડગલે પગલે દુશ્મનો ઊભા કરે છે. કેટલીક વાતો શીખવાની હોય છે તો કેટલીક વાતો સમજવાની હોય છે. આદર્શ અને ઉપયોગી અમુક વાતો જાણેલી હોય તો કામ આવે એવી બની શકે છે.

૧) કામ સ્થળે કામને લગતી ચિંતા કરવી અને ઘરમાં ઘરની વાતોમાં પૂરે પૂરૂ ધ્યાન આપવું. સંતાનોને માત્ર સુખ નથી જોઈતું, વડીલનું સાંનિધ્ય અને હેત પણ જોઈએ છે. એ ધ્યાનમાં રાખો.

૨) આપણી પોતાની ખાનગી વાત કોઈ પાસે કરવી નહીં. કારણકે અંગત વાત વધુ વખત અપ્રગટ રહેતી નથી. વહેલી તકે જાહેરમાં પ્રસરી જાય છે.

૩) નિષ્ઠુર ન બનવું ને સાથો સાથ વધુ પડતા લાગણીશીલ પણ ન બનવું.

૪) જેમ હાથની પાંચ આંગળીઓ સરખી નથી. એમ પરિવારના પાંચ જણના સ્વભાવ અલગ હોવાના તેમની પ્રકૃતિ બદલવાની કોશિષ ન કરો. સૌને પોતાની રીતે વર્તવાની મોકળાશ આપો.

૫) સરળ અને સીધી પ્રકૃતિના રહો પણ સજાગ થઈને રહો. કોઈ છેતરી ન જાય, આપણી સરળતાનો લાભ ન લઈ જાય એ જુઓ.

૬) જીવનમાં બધે બધું મળી જાય એ જરૂરી નથી. કેટલું ગુમાવીને પણ અધિક મળે છે. આપવાનું અનેરૂ મહત્વ છે. જે આપે છે તે જ મેળવે છે એ યાદ રાખો.

૭) શક્તિ અને સામર્થ્ય હોય એટલું જ મળે એવી આકાંક્ષા રાખો, ગજા ઉપરાંતનું મળે એ પણ જીરવવાની તાકાત હોવી જોઈએ. જેટલું થઈ શકે એટલી જ કામના ધરાવો નથી કરી શકવાના તેનો મોહ છોડી દો.

૮) દુનિયા આપણે ન હતા ત્યારે હતી, આપણે છીએ ત્યારે પણ છે. એટલે આપણા વગર દુનિયાનો વ્યવહાર અટકી જશે એવો ખ્યાલ પણ મનમાં ન ધારવો.

૯) કોઈ પણ બાબતમાં ખોટી ઉતાવળ કરવી નહીં. ઉતાવળ કર્યા પછી નિરાંતે પસ્તાવવું એના કરતાં શાંત ચિતે વિચારવું, ચાલવું અને ભોજન કરવું. જે આરોગ્ય માટે તેમજ જીવન વ્યવહાર માટે સારૂં છે.

૧૦) વર્તમાન સમક્ષ નજર રાખવી. ભવિષ્યની ચિંતા ન કરવી અને ભૂતકાળને ભૂલી જવું. માત્ર અગાઉ થઈ ગયેલ અનુભવને નજર સમક્ષ રાખવા.

૧૧) બધા આપણી સાથે સંમત હોય એ જરૂરી નથી. દરેકે દરેક આપણા વિચાર, વર્તનના સમર્થક હોય એવી અપેક્ષા પણ રાખવી નહીં. દરેકને પોતાના ગમા અણગમા હોય છે. એનો નિખાલસતાથી સ્વીકાર કરો.

૧૨) બધા કામ એક સાથે કરવાની કોશિષ ન કરવી. આનાથી એક પણ કામ સફળતા ને નહીં વરે.

૧૩) જે નથી મળ્યું તેનો અફસોસ ન કરવો, જીવનમાં જે મળ્યું છે તેનો આનંદ માણો.

૧૪) જે મળ્યું એ હરિકૃપા અને જે નથી મળ્યું એ હરિ ઈચ્છા. એ સંતોષ અને સમાધાન હૈયે સદાય રાખો.

– જય જ્ઞાતિમૈયા

# મા અને માતૃભાષા

મહાત્મા ગાંધી કહ્યું છે કે માતાના ધાવણ સાથે જે સંસ્કાર અને જે મધુર શબ્દોનું શ્રવણ નાનું બાળક કરે છે એ માતૃભાષા છે. તો પ્રખ્યાત વિચારક લેખક ડૉ.ગુણવંત શાહે લખ્યું છે કે 'માતાના અમી ધાવણ પછીના ક્રમે માતૃભાષા આવે છે.' ભાષા એ સંવાદનું માધ્યમ છે. દરેક વ્યક્તિ વિચારો, ઊર્મિઓ, ભાવનાભિવ્યક્તિ પોતાની માતૃભાષાના માધ્યમથી જ સરળતાથી વ્યક્ત કરી શકે છે. માતાની અમીયલ હૂંફ અને હેતની જરૂર સંતાનને હોય છે એટલી જ જરૂર માતૃભાષાની પણ હોય છે. જેમ મા ના ખોળામાં બાળકનું બાળપણ ખીલે, પાંગરે તેટલું આયાના ખોળામાં ન ખીલે. તેવી જ રીતે માતૃભાષાના મધુર શબ્દો અને સંસ્કારમાં જેટલું મુક્ત રીતે પાંગરે છે તેટલું વિદેશી ભાષા કે અન્ય ભાષામાં ન થઈ શકે. આ વખતે વિખ્યાત ચિંતક હરિભાઈ કોઠારી એ કહેલી વાત યાદ આવે છે. તેમણે કહ્યું છે કે માતૃભાષાએ વ્યક્તિની આંખ છે. જ્યારે અન્ય ભાષા એ આંખ પરના ચશ્મા છે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

આજે વિદેશી ભાષા શીખવાની અપનાવાની આંધળી દોટમાં એ ભૂલી જઈએ છીએ કે પાયાનો અભ્યાસ તો માતૃભાષા દ્વારા જ થવો જોઈએ. કારણ કે એનાથી બાળપણથી જ વિચારોની ગ્રહણ શક્તિનો મજબૂત પાયો નંખાય છે. સમગ્રમાં વિશ્વમાં સાત હજાર ભાષાઓ બોલાય છે. વિશ્વની સૌથી વધારે પ્રચલિત માતૃભાષાઓના લિસ્ટમાં ૩૦ ભાષામાં ગુજરાતી ભાષાનું સ્થાન ૨૩મું છે. એ ખરું છે કે અંગ્રેજી આંતરરાષ્ટ્રીય ભાષા છે. વિશ્વના બહુધા દેશોમાં એક મુખ્ય પ્રચલિત સંવાદ માધ્યમ છે. વિશ્વભરમાં થયેલા પ્રયોગોમાં એ પુરવાર થયું છે કે ઘરની અને શાળાની ભાષા જુદી હોય છે ત્યારે બાળક મૂંઝાય છે, તેના મગજમાં અવઢવ પેદા થાય છે. બાળપણથી વિદ્યાર્થીના અનુભવ, કૌશલ્ય અને જ્ઞાનની સમૃધ્ધિના વિકાસમાં માતૃભાષા જ અસરકારક ભાગ ભજવી શકે છે. માતૃભાષામાં વાર્તા, જોડકણાં, બાળગીતો, હાસ્ય પ્રસંગો, લોકકથા, કહેવત, ઉખાણા શીખશે અને બોલશે તો શબ્દ ભંડોળમાં વૃધ્ધિ થાય છે.

મહાનગર, વિકસતા શહેરોમાં રહેતા યુવાન મા બાપો પોતાના સંતાનોને મોંઘીઘાટ ફી વાળી અંગ્રેજી માધ્યમવાળી સ્કૂલમાં જ દાખલ કરવામાં ગૌરવ અનુભવે છે. તેમને ચિંતા હોય છે કે પોતાનું સંતાન મોટો થઈ ભવિષ્યમાં ક્યાં પાછળ ન રહી જાય. એટલે જ આજે એવી પરિસ્થિતિ એવી થઈ ગઈ છે કે અંગ્રેજી માધ્યમની શાળાઓ ખૂલતી જાય છે અને ગુજરાતી માધ્યમની શાળાઓ બંધ થતી જાય છે. અંગ્રેજી માધ્યમનો પ્રચંડ પવન ખરૂં કહીએ તો વાવાઝોડું ફૂકાઈ રહ્યું છે. જેની અસરથી માતૃભાષાના હાલ હવાલ થઈ રહ્યાં છે. જે માટે માતૃભાષા વિષેની આપણી અધૂરી જાણકારી અને અણસમજ જવાબદાર છે. છેલ્લે યુવાન અને પ્રયોગશીલ કવિ ઉદયન ઠક્કરના શબ્દો યાદ આવે છે. 'ખોવાઈ ગઈ છે, ગુમ થઈ ગઈ છે, કોન્વેટ સ્કૂલના કમ્પાઉન્ડમાંથી શાળાના સંચાલક અને માતાપિતાની બેદરકારીથી ગુજરાતી લખતી વાંચતી એક આખી પેઢી.'

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# સમસ્ત મહાજનની સંજીવની યોજનામાં સહાય કરનાર દાતાઓની ખુબ ખુબ અનુમોદના

## Anumodana

### Sanjivani Case - 97

**Name : Mrs. ALPA KURUVA , Age : 34 yrs. Kutch: Godhra (Haal: Dombivli)**

| Donors | Amount |
|---|---|
| Shri Anantnathji Jain Temple & it's Sadharan fund Trust, Mumbai | 15,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Mumbai | 25,000.00 |
| **Uranium Patrons** | |
| Matushri  Laxmiben Hirji Virji Lalka, Sujapur - Dadar | 10,000.00 |
| **Emerald Patrons** | |
| Matushri (Kasruribai Visanji Dharamshi & Ratanbai Narshi Dharamshi),Mulund (H.D.Fire Protect Pvt Ltd) | 10,000.00 |
| **Lifetime Patron** | |
| Matushri Vijayaben Shantilal Jethabhai Meisheri , Lala - Mulund (Dubai) H: Tileshbhai & Nileshbhai | 15,000.00 |
| Shri KDO Jain Gnati Mahajann, Coimbatore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shri KDO Mandal, Dombivli | 2,500.00 |
| Shri KDO Jain Sangh, Poona | 2,500.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| Shri Kdo Jain Gnati Mahajan, Gandhidham | 1,000.00 |
| Lt. Shri Kooverjibhai Harshi Lodaya , Rapar - Bhandup | 2,000.00 |
| **Individual Donors** | |
| **Well Wisher** | 41,000.00 |
| Smt. Alpa Gautam Dharamshi, Kothara - Banglore | 10,000.00 |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 10,000.00 |
| Shri Milan hemraj Maheshwari, Jakhau - Pune | 10,000.00 |
| Well Wisher | 2,500.00 |
| Shri Siddharth Lodaya | 3,000.00 |
| Matushri Lilavantiben Navinchandra Lodaya, Nanikhavdi - Coimbatore | 2,500.00 |
| Shri Dhaval Piyus Dand, Tera -  Pune | 2,500.00 |
| Shri K.D.O Masjidbunder Sangh, (Mumbai) | 2,500.00 |
| Shri Niranjan Narshi Lodaya, Gandhidham | 2,500.00 |
| Shri Hanskumar Laxmichand Chheda, Bhandup | 2,000.00 |
| Shri Chandresh Manilal Khona | 2,200.00 |
| Shri Rajendra Umarshi Desai ( Lapasiya), Raichur | 1,500.00 |
| Shri Girish Jivraj Desai (Lapasiya), Raichur | 1,000.00 |
| Shri Deepak Gangajar Shah ( Dagha), Varadiya - Mulund | 1,000.00 |
| Shri Zaverchand Tokarshi Lalka, Ghatkopar | 1,000.00 |
| Shri Pankaj Laxmichand Dharamshi | 1,000.00 |
| Shri Jesal Chandrakant Jain (Dand), Gandhidham | 1,000.00 |
| Shri Hitesh Laxmichand Soni | 1,000.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey | 1,000.00 |
| Well Wisher | 500.00 |
| Shri Nitin Raichand Shah, Suthri - Bhandup | 500.00 |
| Shri Shrikant B. Lodaya , Raichur | 500.00 |
| Shri Kamlesh Khushalchand Poladia, Pachora | 500.00 |
| Shri Mehul Chandrakant Vinzani ( Hefa) | 500.00 |
| Shri Rohit Jivraj Poladia | 250.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org     Email: Seva@kdosm.org     Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

# સમસ્ત મહાજનની સંજીવની યોજનામાં સહાય કરનાર દાતાઓની ખુબ ખુબ અનુમોદના

## Anumodana

### Sanjivani Case - 98

**Name: Mrs. Pratibha Nilesh Lodaya, Age: 33, Kutch: Suthari (Hal: Malkapur)**

| | |
|---|---|
| Shri Anantnahji Maharaj Jain Derasar & It's Sadharan Fund Trust, Mumbai | 15,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust | 30,000.00 |
| **Urenium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 10,000.00 |
| **Emerald Patrons** | |
| Mat.Kasturibai Visanji Dharamshi and Mat.Ratanbai Narshi Dharamshi,Suthari-Mulund H: HD Fire Protect Pvt. Ltd. | 10,000.00 |
| **Life Time Patrons** | |
| Shri Dakshin Bharat KDO Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Coimbatore | 5,000.00 |
| Shri Chhatisharh KDO Jain Gnati Mahajan, Raipur | 3,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shri KDO Masjidbunder Jain Sangh, Mumbai | 2,500.00 |
| Shri KDO jain Gnati Mahajn, Ahmedabad | 2,000.00 |
| Shri KDO jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| Shri KDO jain Gnati Mahajn, Khamgaon | 1,000.00 |
| Shri KDO jain Gnati Mahajan, Gandhidham | 1,000.00 |
| Shri KDO Jain Sangh, Poona | 500.00 |
| Shri Kirti Dhanji Dharamshi ( M/s. Deluxe Logistics Pvt. Ltd.,) | 2,000.00 |
| Shri Kooverji Harshi Lodaya , Rapar - Bhandup | 2,000.00 |
| Shri Pankaj Laxmichand Dharamshi, Bangalore | 1,000.00 |
| **Daimond Patrons** | |
| Late Matushri Bhanumati Manilal Dhulla & Late Shri Manilal Shivji Dhulla ,Suthri - Mulund (H:Nirenbhai Shah) | 2,500.00 |
| Shrimati Hansha Shah,Naliya, Mahalaxmi ( H: Nirupamaben) | 2,500.00 |
| Shri Pratap P. Dharamshi ( H: Anjana P. Dharamshi ), Mumbai | 2,500.00 |
| **Gold Patrons** | |
| Shrimati Karunaben Motichand Khona, Naliya, Mulund | 2,500.00 |
| Shri Nitin Ratilal Lodaya, Coimbatore | 2,500.00 |
| **Silver Patrons** | |
| Shri Laxmichand Ratansey Khona, Suthri, Vileparle, Mumbai | 2,500.00 |
| Dr. Usha Harish Lapasia, Suthari , Ambernath, Mumbai | 1,500.00 |

# સમસ્ત મહાજનની સંજીવની યોજનામાં સહાય કરનાર દાતાઓની ખુબ ખુબ અનુમોદના

| Individual Donors | |
|---|---|
| Matushri Sumtiben Devshi Bhanji Khona Naliya - U.S.A. | 15,000.00 |
| Shri Dnyanesh Chimanlal Daga, Pune | 10,000.00 |
| Shrimati Alpa Gautam Dharamshi, Kothara - Bangalore | 10,000.00 |
| Shri Milan Hemraj Maheshwari, Jakhau - Pune | 10,000.00 |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 10,000.00 |
| Shri Padamshi Soni ( Prime Property Developers) | 10,000.00 |
| Shri KDOjain Maharashtra Ekkam | 5,000.00 |
| Shrimati Vijyaben V Motta (H: Ashok Motta) | 5,000.00 |
| Well Wishers | 3,000.00 |
| Shri Siddharth Lodaya | 3,000.00 |
| Shri Chandresh Manilal Khona | 2,600.00 |
| Well Wishers | 2,500.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 2,500.00 |
| Shri Vipin Shamji Khona, Suthari | 2,500.00 |
| Shrimati Darshna Dilipkumar Shah | 2,100.00 |
| Ek Sadgrihastha | 2,000.00 |
| Shri Niranjan Narshi Lodaya, Gandhidham | 2,000.00 |
| Shri Ajay Dharamshi | 2,000.00 |
| Shri Rajendra Umarshi Desai (Lapasiya), Raichur | 1,500.00 |
| Shri Hanskumar Laxmichand Chhedda, Bhandup | 1,500.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey | 1,000.00 |
| Shri Girish Jivraj Desai (Lapasiya), Raichur | 1,000.00 |
| Shri Amit Devchand jain | 1,001.00 |
| Shri Mehul Chandrakant Vinzani (Hefa) | 500.00 |
| Shri Nitin Raichand Shah, Suthari - Bhandup | 500.00 |
| Shri Kamlesh khushalchand Poladia, Pachora | 500.00 |
| Well Wishers | 500.00 |
| Shri Rohit Jivraj Poladia | 250.00 |
| Well Wishers | 200.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.Kdosm.org Email: Seva@Kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

# ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
ACBL Estd. 1984

## With **LOWEST INTEREST** Rates, we are still very much **Co-operative**

**HOME LOAN**
*7.49%
(p.a.)

**CAR LOAN**
*7.49%
(p.a.)

**eAUTO LOAN**
*7.49%
(p.a.)

**GOLD LOAN**
*7.70%
(p.a.)

**LOAN AGAINST PROPERTY**
*7.75%
(p.a.)

**LOAN AGAINST INSURANCE POLICY**
*7.75%
(p.a.)

**TRADE LOAN**
*8.50%
(p.a.)

* Terms & Conditions Apply

**Head Office :** GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| | | | | | |
|---|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 | |
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

## SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**



www.arihantbank.com @ ArihantBank

# આધ્યાત્મિક પરિવારના હિતેશભાઈ મોતાએ જૈન કલ્યાણક ભૂમિ વિષે પીએમઓ વારાણસીમાં ચર્ચા કરી





આધ્યાત્મિક પરિવારના હિતેશભાઈ મોતાએ પ્રાઈમ મિનિસ્ટર ઓફિસ વારાણસીમાં ત્યાંના ઈનચાર્જ મિસ્ટર પાઠકને મળીને જૈન કલ્યાણક ભૂમિ વિષેયક વિશદ ચર્ચા વિચારણા કરી હતી અને પોતાના વિચાર તેમની સમક્ષ મૂક્યા હતા.

# માંડવીથી બોંતેર જિનાલય છ ગાઉ ભાવ પદયાત્રા રંગેચંગે સંપન્ન થઈ





કચ્છના ૭૨ જિનાલય મહાતીર્થ તથા જય જિનેન્દ્ર ભક્તિ મંડળ દ્વારા માંડવીથી ૭૨ જિનાલય છ ગાઉ ભાવ પદયાત્રા ભક્તિભાવ પૂર્વક સંપન્ન થઇ હતી. અચલગચ્છ જૈન સંઘના ભાગ્યોદયસાગર મ.સા. આદિઠાણા ૦૩ની નિશ્રામાં માંડવીથી ૧૪૧ પદયાત્રામાં જોડાયા હતા.

માતા તારાબેન વચ્છરાજ મોતીલાલ પરિવાર શાહ લાભાર્થી દાતા રહ્યા હતા. ૭૨ જિનાલયમાં નવકારશી તથા બપોરની સાધર્મિક ભક્તિના દાતા કસ્તુરબેન રવિલાલ ઠાકરશી સંગોઇ પરિવાર રહ્યા હતા.

જયેશભાઇ આર. શાહ, હાર્દિકાબેન પ્રદીપભાઇ શાહ, ચાંદુબેન પોપટલાલ પટવા પરિવાર, જૈન જાગૃતિ સેન્ટર, જય જિનેન્દ્ર મંડળ-માંડવી, સ્વ. સંઘવી માનવંતીબેન અને જય જિનેન્દ્ર ભક્તિ મંડળ ભુજ દ્વારા જુદી જુદી જગ્યાએ પ્રભાવના કરવામાં આવી હતી. ૭૨ જિનાલય પહોંચીને નવકારશી કર્યા બાદ નિર્માણ પામેલા દેવકીષરનંદન-ઉલ્કાજળ-અજિતશાંતિ દેરી, ચિલણ તળાવડી-સુવર્ણ ગુફા-ભાડવો ડુંગર-સિદ્ધવડ આદિની આબેહૂબ રચનાની પ.પૂ. સાધુ-સાધ્વી સહ (ચૈત્યવંદન) ૭૨ જિનાલયની પ્રદશિક્ષા ભાવિકોએ કરી હતી.

|| જયશ્રી ભલારા દાદાય નમઃ ||



# શ્રી ભલારાદાદા ટ્રસ્ટ લાલપુર



રજીસ્ટ્રેશન નંબર : A ૧૦૩૯

લાલપુર, જિ. જામનગર - ૩૬૧ ૧૭૦. મોબાઈલ : ૮૧૬૦૧ ૦૭૦૭૧

**મુંબઈ ઓફીસ :** યુ.એમ.ખોના એન્ડ કંપની, ૧૦૧૧, યુનિર્વસલ મેજેસ્ટીક, ઘાટકોપર માનખુર્દ લિંક રોડ સામે, ચેબુર (વે), મુંબઈ - ૮૮. ફોન : (૦૨૨) ૬૧૫૫૯૯૯૯

## શ્રી ભલારાદાદા ટ્રસ્ટ દ્વારા આયોજીત ૩૩ મી પહેડી

**ચૈત્ર સુદ ૧ને ગુડીપાડવા બુધવાર તા.૨૨-૩-૨૦૨૩ના સાંજના ૪ થી રાત્રે ૯ સુધી**

**પહેલી આરતી સાંજના ૫.૩૦ વાગે, બીજી આરતી રાત્રે ૮.૩૦ વાગે**

**ઝવેરબેન પોપટલાલ સભાગૃહ, ઘાટકોપર (ઈસ્ટ) ખાતે રાખેલ છે.**

## આ મહોત્સવ પ્રસંગે સર્વ ભાવિકોને ભાવપૂર્વક પધારવા આમંત્રણ

## ૩૩મી પહેડી લાભાર્થી પરિવાર

**માતુશ્રી ચંપાબાઈ હંસરાજ પરબત ડાઘા (વરાડીયા, માટુંગા)**

**હસ્તે શ્રીમતી હસુમતી હીરાલાલ ડાઘા, ચી. ધ્વની દિપ ધરમશી,**

**મોનાલી હીરાલાલ ડાઘા, ચી. હરિધા દિપ ધરમશી**

## ફક્ત દડિયા પ્રસાદ રહેશે

## લાલપુર સ્થાનકે ધ્વજા મહોત્સવ

**શ્રી લાલપુર ગામે ચૈત્ર સુદ ૧૩,૧૪ અને પુનમના**

**તા.૪,૫ અને ૬ એપ્રિલ ૨૦૨૩ના ધ્વજા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.**

**ત્રિદિવસીય ભોજનના લાભાર્થી પરિવાર**

માતુશ્રી વિજયાબેન કુંવરજી લોડાયા પરિવાર (રાપરગઢ-ભાંડુપ)

માતુશ્રી રાજબાઈ પદમશી મોતા પરિવાર (કુવાપધ્ધર-હૈદ્રાબાદ)

હસ્તે જયશ્રીબેન ભરત પદમશી મોતા

**આ મહોત્સવ પ્રસંગે સર્વ ભાવિકોને લાલપુર પધારવા આમંત્રણ**

**લિ. ભલારાદાદા ટ્રસ્ટ-લાલપુર વતીથી સર્વે ટ્રસ્ટીઓ**

# શ્રી કેડીઓ જૈન સંઘ કાંજુરમાર્ગ સંઘમાં ફાગણી તેરસની યાત્રા યોજાઈ









શ્રી ક.દ.ઓ.જૈન સંઘ કાંજુરમાર્ગ સંઘના શ્રી અનંતનાથજી કોમ્પલેક્ષ મધે ફાગણી તેરસની છ ગાઉની પ્રતિકાત્મક યાત્રા તા.૧૪ માર્ચ શનિવારના ભવ્ય આનંદ ઉત્સાહના ભાવ સાથે ઉજવાઈ. યાત્રા બાદ મોટી સંખ્યામાં યાત્રાળુ ભાવિકોએ વરિયાળી શરબત, ફ્રુટના પાલની વ્યવસ્થા કરાઈ હતી તેનો લીભ લીધેલ હતો. આમ ધર્મ લાભ પામી સૌ ધન્યતા અનુભવી હતી.





# શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડની વાર્ષિક સામાન્યસભા અને સ્નેહમિલનનું આયોજન

શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડની વાર્ષિક સામાન્યસભા અને સ્નેહમિલનનું આયોજન ચૈત્ર સુદ એકમ, સવંત ૨૦૭૯, ગુડીપડવા તા. ૨૨ માર્ચ (બુધવાર) સવારના ૯ થી ૧ કલાકે શ્રી ગોપુરમ સભાગૃહ, આઈરીસ હોલ, આર.પી.રોડ, જ્ઞાનસરિતા શાળાની પાસે, મુલુંડ (પશ્ચિમ) મુંબઈ - ૪૦૦ ૦૮૦ કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમની વિગતવાર મહિતી ટુંક સમયમાં જાહેર કરવામાં આવશે.

આ પ્રસંગે શ્રી પરજાઉવાસીઓ અને નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

# ખંડવા નગરે મહારાજ સાહેબ લિખિત ચાર પુસ્તકોની દ્વિતીય આવૃત્તિનું વિમોચન કરાયું





મધ્યપ્રદેશના ખંડવા નગર સંઘમાં ફાગણી તેરસના શુભદિને તા.૪ માર્ચ શનિવારના રોજે પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. લિખિત ૧) જૈન જીવ વિજ્ઞાન (જીવ વિચાર) ૨) જૈન પદાર્થ વિજ્ઞાન (નવ તત્વ) ૩) શ્રી દંડક પ્રકરણ તથા ૪) જૈન ભૂગોળ (લઘુ સંગ્રહણી) નામક ૪ પુસ્તકોની દ્વિતીય આવૃત્તિનું વિમોચન કરાયું. જૈન ધર્મ વિચાર અને જ્ઞાનની વિશદ માહિતી સરળ અને સમજપૂર્વક આ પુસ્તકોમાં પૂજ્ય સાહેબએ આલેખી છે. જેનું સૌએ વાંચન અવશ્યક કરવું જોઈએ.





# ડોંબિવલી ગુજરાતી સમાજની હરિફાઈમાં કેડીઓ સમાજનું ઝાંસી કી રાની ગ્રુપ પ્રથમ ક્રમાંકે વિજેતા થયું

ડોંબિવલી ગુજરાતી સમાજ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે મહિલાઓ માટે વિવિધ પ્રકારની હરિફાઈનું આયોજન કરાયું હતું. તેમાં શ્રી કેડીઓ સમાજ ડોંબિવલીનું ઝાસી કી રાની ગ્રુપ ભાવનાબેન મોમાયાના નેતૃત્વમાં પ્રથમ ક્રમાંકે વિજેતા થયેલ. આ સફળતા મળવાથી બહેનોમાં ઉત્સાહ અને આનંદનો ભાવ છવાઈ ગયો હતો.

જ્ઞાતિ સમાજના રાયચંદભાઈ જીવાણી ડોંબિવલી ગુજરાતી સમાજની કમિટીમાં હાલે સક્રિય રીતે કાર્યરત છે અને એ દ્વારા સમાજ સેવાના કાર્યમાં પોતાનું યથાયોગ્ય યોગદાન આપી રહ્યાં છે.

## ભાંડુપ મધ્યે શ્રી ક્ષેત્રપાલ દાદાની સમૂહ પેડીનો લાભ ભાવિકોએ લીધો



ભાંડુપ જિનાલય પરિસરના રક્ષક શ્રી ક્ષેત્રપાલ દાદાની સમૂહ પેડી શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપ દ્વારા આદિનાથ જિનાલય ભાંડુપના કમ્પાઉન્ડમાં તા.૫ માર્ચ રવિવારના રોજે રાખવામાં આવેલ હતી. બહોળી સંખ્યામાં ભાવિક ભાઈ-બહેનોએ આ પ્રસંગે શ્રી ક્ષેત્રપાલ દાદાની ભક્તિ આરાધના કરી, દર્શન વંદના કરી પેડી પ્રસાદનો લાભ લઈ ધન્ય થયા હતા.

## ભરત ખીમજી ખોનાને લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ પ્રદાન કરાયો




નોર્થ કર્ણાટક સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા ભરત ખીમજી ખોના હુબલીને ઈન્ડસ્ટ્રીઝ ક્ષેત્રે તેમણે આપેલ ઉત્કૃષ્ટ યોગદાન બદલ લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ પ્રદાન કરી ગૌરવ સન્માન કર્યું હતું.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**નૈનબાઈ ધરમશી**
તા.૪ માર્ચ (ઉ.૯૩)
જખૌ-હૈદ્રાબાદ



**રાયચંદભાઈ મોમાયા**
તા.૪ માર્ચ (ઉ.૮૯)
સાંયરા-આદિપુર



**પુષ્પેન્દ્રભાઈ મોમાયા**
તા.૬ માર્ચ (ઉ.૫૪)
સાંયરા-નાશિક



**દિનેશભાઈ લોડાયા**
તા.૬ માર્ચ (ઉ.૭૫)
નલિયા-મુલુંડ ચેકનાકા



**પ્રકાશભાઈ મુનવર**
તા.૬ માર્ચ (ઉ.૬૩)
રંગપુર-ઘાટકોપર



**પ્રેમીલાબેન મોતા**
તા.૮ માર્ચ (ઉ.૮૬)
વારાપધર-ભાંડુપ



**વર્ષાબેન ધરમશી**
તા.૯ માર્ચ (ઉ.૭૨)
સુથરી-ડોંબિવલી



**મધુબેન ડાઘા**
તા.૧૦ માર્ચ (ઉ.૭૦)
વરાડીયા-સાયન



**હિનાબેન દંડ**
તા.૧૦ માર્ચ (ઉ.૬૭)
પરજાઉ-અમદાવાદ



**ચંદનબેન મોતા**
તા.૧૦ માર્ચ (ઉ.૮૯)
નલિયા-કોચીન

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

**કેડીઓ પરિવાર સંબંધિત વ્યક્તિના અવસાનની નોંધ : ભાવભીની શ્રદ્ધાંજલિ**



**સચિન લોખંડે**
તા.૭ માર્ચ (ઉ.૪૦)
પલ્લવી ભુપેન્દ્ર લાલકા,
વારાપધ્ધરના જમાઈ



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● ગત ચોમાસામાં મેઘરાજાએ મહા મેર વરસાવ્યા પછી પાવર પટ્ટીના ડુંગરો દેશી ઘાસથી હર્યા ભર્યા બન્યા છે. હાલ આ પહાડી પંથકમાંથી વન વિભાગ દાયકાઓ પછી ઘાસની કાપણી કરી તેની ગાંસડીઓ બનાવી ગોદામોમાં સંગ્રહ કરવાની કામગીરી આદરી છે. વિશિષ્ટ ભૂપૃષ્ઠ ધરાવતા પાવર પટ્ટી પંથકમાં દક્ષિણે રૂદ્ર માતા જાગીરથી માંડી ધીણોધર સુધીનો વિસ્તાર ડુંગરાળ હારમાળાનો પહાડી પંથક આવેલો છે જે વિસ્તાર ઘાસના ઘર તરીકે રાજાશાહીથી પ્રખ્યાત છે. વનપાલ મહેન્દ્રસિંહ બારડના કહેવા પ્રમાણે હાલ ૩૦ થી ૩૫ હજાર કિલો ઘાસ કાપી જેમાંથી ૬૦ થી ૮૦ કિલો વજનવાળી ગાંસડીઓ બનાવી ઘાસ ગોડાઉનમાં ભરવામાં આવે છે.

● ભચાઉ રેલવે સ્ટેશન વાગડ વીશા ઓસવાલ ચોવીસ મહાજન દ્વારા ૮૦ લાખથી વધુના ખર્ચે તૈયાર થયેલ લિફ્ટનું સાંસદ વિનોદ ચાવડાના હસ્તે ઉદ્‌ઘાટન કરાયું. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે લોક ભાગીદારીથી વીશા ઓસવાળ સમાજની માતૃસંસ્થાએ માતૃભૂમિ માટે ઉદાહરણ રૂપે દાખલો બેસે તેવું ઐતિહાસિક કાર્ય કર્યું હોવાનું જણાવ્યું હતું. મુખ્ય મહેમાન પશ્ચિમ રેલવેના મેનેજર તરૂણ જૈનએ લિફ્ટ પ્રોજેક્ટ માટે અનુદાન આપી મુસાફરોની માંગ મુજબ કાર્યો કરનાર વીશા ઓસવાલ ચોવીસી મહાજનને અભિનંદન આપ્યા હતા.

● અમદાવાદ ખાતે યોજાયેલી સ્ટેટ પાવર લિફ્ટિંગ સ્પર્ધામાં મુંદરાની નેહલ મનીષ પંડ્યાએ ૫૨ કિલોની વજન કક્ષામાં ગોલ્ડ મેડલ મેળવ્યો છે. જાન્યુ.૨૨ના તેમના જમણ પગના ઘૂંટણના લીગામેન્ટ ફાટી જતાં તબીબો ઓપરેશન કરી ૬ માસ સુધી આરામ કરવાની સલાહ આપી હતી. પરંતુ નેહલ માત્ર આહાર વિહારમાં પરિવર્તન લાવી ૩ મહિનામાં ચાલતી થઈ ગઈ હતી. નેહલે યોગાસન અને સૂર્ય નમસ્કાર શરૂ કરી મજબૂત મનોબળ અને સંકલ્પ શક્તિનો પરિચય આપ્યો અને ૮ માસના ટૂંકા ગાળામાં દંડ બેઠક અને પુશઅપ કરીને ગુજરાત રાજ્યમાં પોતાની વજન કક્ષામાં પ્રથમ આવી સુવર્ણ ચંદ્રક અંકે કર્યો હતો.

● મૂળ ભુજ તાલુકાના માનકૂવાનો રઘુવંશી સમાજનો ઓમ જિજ્ઞેશ ગણાત્રા તાજેતરમાં કતાર દેશના દોહામાં ફિફા વર્લ્ડ કપમાં લાઈવ શેફ તરીકે ભૂમિકા સંભાળી હતી. અમદાવાદની ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોટલ મેનેજમેન્ટ દ્વારા ફિફા વર્લ્ડ કપના આયોજનના ભાગ રૂપે લાઈફ શેફ તરીકે આ ક્ષેત્રના અલગ અલગ રાજ્યોના વિદ્યાર્થીઓની પસંદગી થઈ હતી. જેમાં કચ્છમાંથી માત્ર ઓમ ગણાત્રાની પસંદગી થઈ હ તી. ઓમને સ્ટેડિયમમાં જ્યાં વીવીઆઈપીઓ, ખેલાડીઓ વગેરે બેસતા હોય તે સ્કાય બોક્સમાં લાઈવ શેફ તરીકેની ફરજ સોંપાઈ હતી. આઠ પૈકી ચાર સ્ટેડિયમમાં આ પ્રકારની ફરજ સંભાળી હતી. ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલાં ગોવાની હોટલ અલિલા દીવા હયાતમાં છ મહિનાની ઈન્ટર્નશિપ પૂરી કરી છે અને હાલે હોટલ મેનેજમેન્ટના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે.

● માંડવી તાલુકાના બાડા, કાઠડા તથા ત્યાંના આસપાસના દરિયાઈ વિસ્તારમાં પક્ષી નિરીક્ષણ કરવા સમયે મીઠા પાણીનો તદ્દન અલગ અને પીળા કલરનો કાચબો જોવા મળતાં કુતૂહલ સર્જાયું છે. વાઈલ્ડ સ્ટેપ ઈન્ડિયા સંસ્થાના જયદેવ સિંહ રાઠોડને તથા તેમની સાથે આવેલા નિવૃત્ત વનપાલ એચ.જે.છેડાને આ નવતર પ્રકારનો કાચબો જોવા મળતાં જ ત્યાં નિરીક્ષણ અને કાચબાની પ્રાથમિક માહિતીનું એકત્રિકરણ કરી ત્યાંના જ મીઠાં પાણીના જળાશયમાં યોગ્ય માર્ગદર્શન હેઠળ સલામતી સાથે છોડવામાં આવ્યો હતો. એક્ષ્પર્ટ જયદેવ સિંહના મતાનુસાર મીઠા પાણીના આ પ્રજાતિના કાચબા થોડા લીલાશ પડતા હોય છે પરંતુ આ કાચબો સંપૂર્ણ પીળા રંગનો છે. આ પીળાશ માટે તેના શરીરમાં રહેલી આનુવંશિક ઉણપ, ખોરાક કે આસપાસની પર્યાવરણીય અસરો જવાબદાર હોઈ શકે પરંતુ આમાં કોઈ એક ચોક્કસ કારણ વૈજ્ઞાનિસક અભ્યાસનો વિષય છે. જૂના સર્વે અને અભ્યાસ મુજબ આ પ્રકારનો અલ્બીનો ફ્લે પરોળ ટર્ટલ સમગ્ર કચ્છમાં પ્રથમવાર અને ગુજરાતમાં બીજી વાર નોંધાયેલ છે.

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)